# માત્ર અઢી વર્ષની દીકરીની સામે જ માતાનો પંખા સાથે સાડી બાંધી ફાંસો

**અમરોલીમાં** રહેતી નેહાભારતી અન્ય યુવાન સાથે વાત કરતી હોવાની પતિને શંકા હતી

સુરતઃ અમરોલીમાં અઢી વર્ષની બાળકીની નજર સામે જ માતાએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

મૂળ ઉત્તરપ્રદેશના વતની જ્યોતિપ્રકાશ ગૌરવ હાલમાં અમરોલી ચાર રસ્તા પાસે આવેલા ગાયત્રીનગરમાં 24 વર્ષીય પત્ની નેહાભારતી અને અઢી વર્ષની પુત્રી સાન્વી સાથે રહેતા હતા. જ્યોતિપ્રકાશ અમરોલી વિસ્તારમાં ગેરેજ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આજે સવારે નેહાભારતીના પિતાએ પુત્રીને ફોન કર્યો હતો. જોકે, ફોન નેહાભારતીએ ઉપાડવાને બદલે અઢી વર્ષની સાન્વીએ ઉપાડ્યો હતો અને તે માત્ર રડતી હતી. જાણ થતાં જ્યોતિપ્રકાશે પણ પત્નીને ફોન કર્યો હતો, પરંતુ આ વખતે પણ પુત્રી સાન્વીએ ફોન ઉપાડીને જોરજોરથી રડવાનું શરૂ કર્યું હતું. જેથી જ્યોતિપ્રકાશ ગેરેજ બંધ કરીને તાત્કાલિક ઘરે દોડી ગયો હતો.

ઘરે પહોંચતાં જોયું કે, અંદર નેહાભારતી પંખા સાથે સાડી બાંધી ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. જ્યોતિપ્રકાશે તાત્કાલિક પત્નીને નીચે ઉતારી હતી અને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયો હતો. જોકે, ફરજ પરના તબીબે નેહાભારતીને મૃત જાહેર કરી હતી. પરિવારજનોના જણાવ્યા મુજબ, સોસાયટી પાસે પાનનો ગલ્લો ચલાવતા એક યુવક સાથે નેહાભારતી અવારનવાર વાતચીત કરતી હતી. જોકે આ અંગે અઠવાડિયા પહેલાં જ્યોતિપ્રકાશને જાણ થઈ હતી. આ બાબતને લઈને નેહાભારતીએ આ પગલું ભર્યું હોવાની પરિવારજનો દ્વારા આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, આપઘાત પાછળનું ચોક્કસ કારણ પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

# પાલના સુડા આવાસમાં ગટરનું પાણી પીવાના પાણીમાં ભળી ગયું

**આવાસમાં** લોકોમાં ઝાડા-ઊલટી અને ડેંગ્યુંનો વાવર ફેલાયો



સુરતઃ શહેરના પાલ વિસ્તારમાં આવેલા સુડા આવાસમાં છેલ્લા ઘણા સમયથી ઉભરાતી ગટર અને ગંદકીના ગંભીર પ્રશ્ને સ્થાનિક રહીશોનું જીવવું દુષ્કર બનાવી દીધું છે. આવાસની દુર્દશા અંગે રોષ વ્યક્ત કરતાં સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું કે, ચોમાસામાં ઘૂંટણસમા ગંદા પાણીમાં રહેવાની નોબત આવે છે અને સફાઈ કર્મચારીઓ કચરો વાળવા કે ઉપાડવા પણ આવતા નથી. ગંભીર બાબત તો એ છે કે ગટર ચોકઅપ થવાના કારણે પીવાના પાણીની લાઈનમાં ગટરનું દૂષિત પાણી ભળી રહ્યું છે, જેના લીધે ઘરોના નળમાંથી જીવડાં અને અળસિયાં નીકળી રહ્યા છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર અને સ્થાનિક જનપ્રતિનિધિઓ આંખ આડા કાન કરી રહ્યા હોવાથી સ્થાનિકોમાં આક્રોશ વ્યાપ્યો છે. આવાસના રહીશોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો મનપાના સંબંધિત વિભાગ દ્વારા વહેલી તકે નવી ડ્રેનેજ લાઈન નાંખવામાં નહીં આવે અને સફાઈની યોગ્ય વ્યવસ્થા નહીં કરાય, તો તમામ રહીશો એકત્ર થઈને ઉગ્ર આંદોલન કરાશે.

## ભાજપની રાજ્ય કક્ષાની પદયાત્રાનો આજે સુરતથી પ્રારંભ, 25 હજાર લોકો જોડાશે

સુરતઃ 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' ના સંદેશ સાથે ભાજપની ગુજરાતની પદયાત્રાનો આવતીકાલે સુરતથી પ્રારંભ કરવામાં આવશે. ભાજપના ગુજરાત મહામંત્રી અને દક્ષિણ ઝોન પ્રભારી પ્રશાંત કોરાટે જણાવ્યું હતું કે, આ પદયાત્રા રવિવાર, તા. 25 ઓક્ટોબર 2026ના રોજ સાંજે 4:00 કલાકે અડાજણના પ્રાઈમ આર્કેડથી શરૂ થશે અને ભૂલકાભવન ખાતે સંપન્ન થશે. શહેર પ્રમુખ પરેશ પટેલે જણાવ્યું હતું કે, પદયાત્રામાં ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી સહિતના આગેવાનો જોડાશે.

## વોટ બચાવો-દેશ બચાવો અભિયાન અંતર્ગત સુરતમાં આજે કોંગ્રેસની મિટિંગ

સુરત : સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા 'વોટ બચાવો - દેશ બચાવો' અભિયાન અંતર્ગત આવતીકાલે રવિવારના રોજ સવારે 11:00 વાગ્યે કતારગામ દરવાજા પાસે આવેલા સૌરાષ્ટ્ર હાલાઈ મેમણ સમાજના હોલ, પહેલા માળે, સીપ સોડા ફેક્ટરી પાસે, જિલાની બ્રિજની બાજુમાં, સુરત ખાતે બેઠક થશે તેમ શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ જણાવ્યું છે. કાર્યક્રમમાં AICCના નિરીક્ષક મોહન જોશી તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના શહેર પ્રભારીઓ અજય ગામીત અને સલીમભાઈ શેખ વિશેષ ઉપસ્થિતિ રહીને માર્ગદર્શન પૂરું પાડશે.

## ઘોડદોડ રોડ રંગીલા પાર્ક પાસે પાર્ક કરેલી કાર સળગી



સુરતઃ શહેરના વ્યસ્ત એવા ઘોડદોડ રોડ સ્થિત રંગીલા ચાર રસ્તા પાસે આવેલા નીલકંઠ એપાર્ટમેન્ટ ખાતે ગઈ કાલે પાર્ક કરેલી ક્વિડ કારમાં અચાનક જ આગ લાગી ગઈ હતી. સ્થાનિકોએ તુરંત જ ઘટનાની જાણ કરતાં મજુરા ફાયર બ્રિગેડની ટીમ દોડી આવી હતી. ફાયર સબ ઓફિસર અભિષેક ગઢવીનાં જણાવ્યા મુજબ, આગ કારનાં બોનેટમાં લાગી હતી તેથી કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો. વધુમાં ફાયર ઓફિસરે જણાવ્યું હતુ કે, કાર સંગીતાબેન જૈનની માલિકીની હતી, પ્રાથમિક તપાસ કરતા કારમાં શોર્ટ સર્કિટ થયા બાદ આગ લાગી હતી.

## મહિનામાં ૧૦૦ સ્ટ્રીટ લાઈટના થાંભલામાંથી ૮૦૦ મીટર વાયરની ચોરી

સુરતઃ અઠવા ઝોન હેઠળ આવતા એસ.કે. નગર બ્રિજ કેનાલ રોડથી ડુમસ ONGC વાલ્વ સ્ટેશન અને સાયલન્ટ ઝોન તરફના મુખ્ય માર્ગ પરથી સુરત મહાનગરપાલિકાના આશરે ૧૦૦ જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલાઓમાંથી કુલ ૮૦૦ મીટર વાયરની ચોરી થઈ હતી.

ઘટના અંગે વેસુ વી.આઈ.પી. રોડ સ્થિત સમર્થ એન્ક્લેવમાં રહેતા અને અઠવા ઝોન વિસ્તારમાં લાઈટ વિભાગના સ્ટ્રીટ લાઈટ મરામત અને નિભાવણીનો કોન્ટ્રાક્ટ ધરાવતા ૫૦ વર્ષીય વિજય ચંદુલાલ પટેલે ડુમસ પોલીસ મથકમાં અજાણ્યા ચોર સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# પુણામાં છૂટાછેડા છતાં પૂર્વ પત્નીને માર મારી પતિએ દુષ્કર્મ આચર્યું

**ખીચડી** બનાવવા જેવી બાબતે ગાળો આપી, જબરદસ્તી શરીર સંબંધ બાંધ્યા બાદ આરોપી ફરાર

સુરતઃ પતિ સાથે છૂટાછેડા થઈ ગયા હોવા છતાં, પૂર્વ પતિએ પૂર્વ પત્નીના ઘરે અવારનવાર આવીને શારીરિક-માનસિક ત્રાસ આપ્યો હતો અને ગત ૧૭ ઓક્ટોબરે જબરદસ્તી ઘરમાં ઘૂસી મારઝૂડ કરી દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. મૂળ ભરૂચના નેત્રંગ તાલુકાના આટખોલ ગામના વતની અને હાલ પુણા પાટિયા નજીક એક સોસાયટીમાં એકલા રહી ખાનગી નોકરી કરતાં ૩૪ વર્ષીય મહિલાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, વર્ષ ૨૦૧૯માં રાહુલ દેવદાસ વાકોડી (કોડી) (રહે., શ્રીરામ નગર સોસાયટી, કાપોદ્રા) સાથે પ્રેમલગ્ન થયા હતા. લગ્નના એકાદ વર્ષ બાદ પતિના ત્રાસથી કંટાળી ૨૨ જૂન ૨૦૨૬ના રોજ છૂટાછેડા લઈ લીધા હતા. છૂટાછેડા બાદ પણ ગત ૧૭ ઓક્ટોબરએ રાત્રે રાહુલે મહિલાના ઘરે આવી 'બે દિવસથી કેમ ખીચડી જ બનાવે છે?' તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો અને મહિલાને માર માર્યો હતો. ત્યારબાદ આરોપીએ જબરદસ્તી દુષ્કર્મ આચર્યું હતું અને ત્યાંથી ભાગી છૂટ્યો હતો. પીડિતાએ પુણા પોલીસ સ્ટેશને રાહુલ દેવદાસ વાકોડી વિરુદ્ધ મારઝૂડ, જાતિ વિષયક અપશબ્દો અને બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી.

# ભાગળના જ્વેલર્સની 16 .63 લાખની સોનાની બંગડીઓ લઈ કારીગર ફરાર

**જડતરનો** કારીગર અન્ય વેપારીઓના પણ દાગીનાઓ પણ લઈ ગયો

સુરતઃ ભાગળ વિસ્તારમાં 'ઝેવર ઓ' નામે સોનાના દાગીનાનો વેપાર કરતાં વેપારી પાસેથી જડતરકામ માટે મેળવેલી રૂ.૧૬.૭૩ લાખની કિંમતની સોનાની ૩ બંગડી પરત ન આપી કારીગર ફરાર થઈ ગયો હતો. પાલ ખાતે મણીધારી લક્ઝરીયામાં રહેતા ૬૦ વર્ષીય સુરેશભાઈ મનસુખલાલ શાહ ભાગળ પારસી શેરીમાં આવેલા સ્વસ્તિક આર્કેડમાં 'ઝેવર ઓ' નામના શો-રૂમમાં સોનાના દાગીનાનો વેપાર કરે છે. દાગીનામાં જડતરકામ કરાવવા માટે વરાછા હંસ સોસાયટી પાછળ કારખાનું ધરાવતા આકાશ અલી કાસેમ મોલ્લા નામના કારીગરને ઓર્ડર આપતા હતા. સુરેશભાઈએ કારીગર સુખેન મુર્મુને જડતરકામ માટે કુલ ૪ સોનાની બંગડી (કિંમત રૂ. ૨૩.૨૪ લાખ) આપી હતી. જોકે, બે-ત્રણ દિવસ બાદ બંગડીઓ પરત મેળવવા આકાશને ફોન કરતાં તેનો ફોન બંધ આવતો હતો. જેથી તેના કારીગર સુખેન મુર્મુને પૂછપરછ કરતાં તેણે પોતાની પાસે રહેલી એક બંગડી સુરેશભાઈને પરત સોંપી દીધી હતી, જ્યારે બાકીની ૩ બંગડી સાથે અન્ય વેપારીઓના દાગીને લઈને આકાશ ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું હતું. પુત્ર ચારિત્ર ચીનથી પરત આવ્યા બાદ સુરેશભાઈએ મહિધરપુરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલના નવા પ્રમુખ આશિષ ગુજરાતી બન્યા



સુરતઃ સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલ દ્વારા વર્ષ 2024-26ના પ્રમુખ નીરવ રાણાના કાર્યકાળની પૂર્ણાહુતિ નિમિત્તે વિદાય સમારંભ યોજાયો હતો. નવા પ્રમુખ આશિષ ગુજરાતીએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. મુખ્ય અતિથિ નૈષધભાઈ દેસાઈ અને વિશેષ અતિથિ ચેમ્બર પ્રમુખ અશોકભાઈ જીરાવાળાએ સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગની પ્રગતિ માટે નવીન અભિગમ અને જરૂરી પગલાં પર ભાર મૂક્યો હતો. સંસ્થાના ટ્રસ્ટી નિખિલ મદ્રાસીએ નીરવ રાણાની કામગીરીને બિરદાવી નવા પ્રમુખ આશિષ ગુજરાતીની આગેવાનીમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. માનદ મંત્રી દીપેશ શાકવાળાએ કાર્યકાળનો અહેવાલ રજૂ કર્યો હતો. જયકિશન વાંસદાવાળાએ સન્માનપત્રનું વાંચન કર્યું હતું. નીરવ રાણાએ સહયોગીઓનો આભાર માની ભવિષ્યમાં સંસ્થા સાથે જોડાયેલા રહેવાની ખાતરી આપી હતી. ખજાનચી ધનેશ ગોલવાળાએ આભારવિધિ કરી હતી.

### સમસ્ત બિહાર-ઝારખંડ સમાજ ટ્રસ્ટમાં અજય ચૌધરી ચેરમેન, પ્રભાત ઝા પ્રમુખ બન્યા

સુરતઃ સમસ્ત બિહાર-ઝારખંડ સમાજ ટ્રસ્ટની નવી કાર્યકારિણીમાં અજય ચૌધરીને ચેરમેન અને પ્રભાત ઝાને પ્રમુખની જવાબદારી સોંપવામાં આવી હતી. જ્યારે પ્રતુલ ચૌધરીની મહામંત્રી અને સુનીલ સિંહ રાજપૂતની સંયુક્ત મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી હતી. નવી કાર્યકારિણીમાં શૈલેશ શ્રીવાસ્તવ, રમેશ સિંહ અને ચંદ્રશેખર ભિવાનીવાલને ઉપપ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. રામકૃષ્ણ ખેતાન અને અજય મિશ્રાની મંત્રી તરીકે, ચંદન સિંહની સંયુક્ત મંત્રી તરીકે તથા રવિકાંત શર્માની ખજાનચી તરીકે નિમણૂક કરવામાં આવી છે.

### સુરતના 38 કલાકારોની કલાકૃતિઓનું ''નિર્મિતિ-સુરત' આર્ટ એક્ઝિબિશન, આજે છેલ્લો દિવસ

સુરતઃ સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) અને SGCTIDCના સંયુક્ત ઉપક્રમે ડુમસના કેફે ખાતે સુરતના 38 કલાકારોનું ચાર દિવસીય 'નિર્મિતિ-સુરત' આર્ટ એક્ઝિબિશન યોજાયું છે. 22 ઓક્ટોબરે સુરતના સાંસદ મુકેશ દલાલના હસ્તે પ્રદર્શનનો પ્રારંભ થયો હતો. કાલે રવિવારે છેલ્લા દિવસે 25 ઓક્ટોબર સુધી સવારે 11થી રાત્રે 10 વાગ્યા દરમિયાન કલારસિકો માટે આ પ્રદર્શન ખુલ્લું રહેશે.

### અજ્ઞાનના અંધકારને હટાવવા માટે સમ્યક્જ્ઞાન એ બેટરી છેઃ પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નઝરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં પ્રવચનપ્રભાવક જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે શ્રી નવપદ ભક્તિ મહોત્સવના 'સમ્યગ્ જ્ઞાન' પદનું માહાત્મ્ય સમજાવતા કહ્યું હતું કે, અજ્ઞાનના અંધકારને હટાવવા માટે સમ્યક્જ્ઞાન એ બેટરી છે. આ બેટરી હમણાં ઘણીની ડાઉન થવા માંડી છે. બિલ્ડરો ઘણાં મોટા ટાવરો ઉભા કરી શકે છે, હાઇફાઇ મકાનો બાંધી શકે છે પણ સમજણનાં ઘરો બાંધવામાં માણસ ટાંચો પડે છે. જીવનકાળમાં હજારો ક્ષેત્રોનાં જ્ઞાન નાનકડી જિંદગીમાં પ્રાપ્ત કરવા બહુ મુશ્કેલ છે. બધા ડોક્ટર, વકીલ કે એન્જિનીયર નથી બની શકતા. કોઇક જ બની શકે છે. એનાં જે નિષ્ણાંતો હોય તેની પાસે જવું જોઇએ. તે જ્ઞાન નથી કે જેનો ઉદય થવાથી રાગ-દ્વેષનું અસ્તિત્વ રહે. સમ્યગ્ જ્ઞાન એ પ્રકાશ છે. જ્ઞાનરૂપી બેટરી તમારી પાસે હોય તો અંધારામાં તમે અટવાતા નથી.

### ચોકબજારમાં SBIના કર્મચારીઓએ સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત સફાઈ કરી




સુરતઃ સ્વચ્છતા પખવાડા અંતર્ગત ભારતીય સ્ટેટ બેંક (SBI)ની મેઇન બ્રાન્ચ, સુરત દ્વારા ચોખ બજાર વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. SBI મેઇન બ્રાન્ચના સ્ટાફે જાહેર સ્થળો તથા આસપાસના વિસ્તારોમાં સફાઈ કરી હતી. આ સાથે લોકોને જાહેર સ્થળોએ કચરો નહીં ફેંકવા અપીલ કરવામાં આવી હતી. અભિયાનમાં ચીફ મેનેજર રવિ શંકર પ્રસાદ ઉપરાંત સંજય પંડ્યા, નીરજ બાલદાણીયા, મેહુલ પટેલ અને કુણાલ પરમાર સહિતના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ. ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, હોમથીયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેક્ટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**હાર્ડવેર, ટૂલ્સ,**
નટ- બોલ્ટ, પ્લાસ્ટિક તારપાઉલીન, G, I, M, S પાઈપ ફિટિંગ, ગ્રીન નેટ, કાથાદોરી, ફાઉન્ડેશન બોલ્ટ, ફિક્સ અને રિંગ પાના, લોખંડ ના હેવી રેક અને ઘોડા તેમજ બિલ્ડિંગ મટીરિયલ સંબંધિત તમામ સામાન મેક્સિમમ ડિસ્કાઉન્ટ માં આપવાનો છે 9898063315

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ચોખ્ખું ઘી મળશે-**
ગીર ગાયનું 9898170075, 9727293311

**ઘારી, ઘારી, ઘારી**
પ્રખ્યાત કેસર બદામ પીસ્તા ઘારી અન્નક્ષેત્રના લાભાર્થે ભાવ રૂ. ૮૨૦ પ્રતિ કિ.ગ્રા અગાઉથી બુકિંગ કરાવો Mo. 9773166510 (372)

**હાર્ડવેર, બિલ્ડીંગ**
મટીરીયલ્સ ની ચાલુ દુકાન, માલ- સામાન, ડેડ સ્ટોક, ભંગાર કરતા સારા ભાવમાં આપવા માટે સંપર્ક કરો. બાબુભાઈઃ- 9979952191

**જમીન વેચવાની છે**
ગામઃ-કમલાપોર, તાઃડોલવણ, જિ. તાપી
સોલાર લાયક 66 KV નજીક
15.5 વિંઘા જુની શરત
નહેરની બાજુમાં ખેતી માટે ઉત્તમ
મોઃ-9725710000

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**જુનો સામાન લેવામા**
આવશે જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી, તેમજ તમામ પ્રકારનો જુનો સામાન. તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413

મિલ્કત લે-વેચ

**મહિધરપુરા હરિપુરા**
આજુ બાજુ પ્લોટ, મકાન, ફ્લેટ લેવા વેચવા 9879276073

**પ્લોટ, બંગલો, ફ્લેટ**
લેવા વેચવા ઘોડદોડ, સિટીલાઈટ, પીપલોદ, પાર્લેપોઈન્ટ, વેસુ, 9879276073

**વકીલ, CA, આર્કીટેક**
ટ્રાવેલ્સ લાયક ઓફિસ વેચવાની પાર્લે પોઈન્ટ 98792760763

**વેચવાની છે જગ્યા**
કુવરદા ગામ (કીમ પાસે)
3532 વાર શેડ 8000 sq.ft. 22 feet height
બોઈલર શેડ 800 sq.ft.
RCC ઓફિસ 1600 sq.ft.
કારીગરોની રૂમ સીક્યુરીટી કેબીન 100 KW પાવર
9825511699

મિલ્કત વેચવાની છે

**Weekend Studio flat**
Rajhans Belleza Dumas For Sale Mb 9327166652

**Rajhans texpa**
Baleshwar Industrial Plot For sale 1280 yard. Mb 9327166662

**ભેસાણ બરબોધન**
રોડટચ સોસાયટીમાં 98- વારનો પ્લોટ 32 લાખમાં વેચવાનો 9537677005

**સ્વાતી સોસાયટી**
(ચીકુવાડી) વરાછા પ્લોટ વેચવાનો છે. 270 થી 300 વાર. 9687580001

**2.15 વિંઘા ઈન્ડસ્ટ્રીયલ**
Zone જમીન વેચવાની છે. ગામઃ ટેના રાંગ. Mo. 9687580001

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે. ગામઃ પંડવાઈ (કોસંબા) 9687580001

**જગ્યા વેચવાની છે**
રૂઘનાથપુરા વરાછા શેરીમાં કોમર્શિયલ,
રેસીડેન્સીયલ, હોસ્પીટલ ડાયમંડ ફેક્ટરી, જરીકામ પ્રોજેક્ટ કરવા લાયક, સુરત.
Call: 99740 05691 93768 26037

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામઃ કાળા વ્યારા, કણજા 9687580001

**કોમર્શિયલ ઓફિસ**
વેચવાની છે પીરામિડ આઈકન, ઉગટ રોડ, પાલનપુર જકાતનાકા,સુરત ખાતે રેડી-ટુ-મૂવ ઓફિસો વેચવાની છે. ઓફિસ નં. 402: 1770 ચો.ફૂટ ઓફિસ નં. 403: 2436 ચો.ફૂટ સુવિધાઓઃ ડેડિકેટેડ પાર્કિંગ, એલિવેટર, UPS બેકઅપ, AC અને પ્રાઈવેટ વોશરૂમ. પ્રાઈમ લોકેશન, મેટ્રો લાઇન નજીક. સંપર્કઃ 9726009242

**રેસ્ટોરન્ટને લગતો**
કિચનનો સામાન તથા ટેબલ ખુરશી વેચવાના છે 6353661511

**અડાજણ T.P 10**
1890 સ્કેફિટનો ફ્લેટ વેચવાનો. 9601662923

**પુરૂષાર્થ**
GST Registration @ 2000 Rs
GST Return @500 Rs PM
Incomtax Return of five Year
9974810262

**1 BHK. ફ્લેટ**
વેચવાનો. 25 લાખ. ફુલ્લી ફર્નિચર સાથે, ત્રીજો માળ, ડીમાર્ટની બાજુમાં, અડાજણ. 9909601200

**વેચવાનુ છે**
કડોદરા ૩૬૦૦૦ વાર એને ફેક્ટરી ૪૦૦ x ૨૦૦ ફુટ શેડ ડોમ ૪૦ ફૂટ હાઈટ પાવર ૧૨૦૦ કેવી જી.પી. સી.પી. પાણી મીઠુ પેપર મીલ ડાઈંગ લાયક MO. 8200006737

**વેચવાનુ છે**
(1) પાંડેસરા જીઆઈડીસી ૩૦૦૦ વાર ૧૨૦૦ વાર પ્લોટ શેડ. (2) સચીન જી.આઈ.ડી.સી ૧૦૦૦૦ મીટર ૫૦૦૦ મીટર ૩૦૦૦ મીટર ૧૦૦૦ મીટર (3) હોઝીવાલા શેડ પ્લોટ ડોમ (4) ઉધના સંઘ ૧૨૦૦ વાર ૬૦૦ વાર ૩૦૦ વાર પ્લોટ શેડ ડોમ ડાઈંગ હાઉસ રનીંગ પાણી મીઠુ Mo. 8200006737

**શેડ સાથે ગોડાઉન ભાડે આપવાનું છે**
વેર હાઉસ પાર્કિંગ
32x85, 150x45
110 એચ પી પાવર, પાણીની સુવિધા, લેબરને રહેવા માટેની રૂમોની સુવિધા સાથે
ગાયત્રી ઉદ્યોગ નગર, તરસાડી, મહુવા તાલુકો સુરત જિલ્લા
સંપર્કઃ +919825309509

**દુકાન/ ઓફિસ**
નં. ૧૦૯ પહેલો માળ, કાર્પેટ એરિયા ૨૮૦ ચો.ફુટ, ફોર્ચ્યુન હાઈસ્ટ્રીટ, મધુવન સર્કલ પાસે, એલ. પી. સવાણી રોડ, અડાજણ, પાલ, 9426119868

**મક્કાઈપુલ, અડાજણ**
405 વારનો પ્લોટ વેચવાનો. દલાલ માફ. 9601662923

નોકરી વિષયક

**પાર્ટ ટાઈમ જોબ**
સવારે 9 થી 2 રોડ ઉપર નાસ્તાનું કાઉન્ટર સાંભળવાનું પગાર- 8000 9106715389 (સુરતનાં રહેવાસી એજ ફોન કરવો) (378)

**વરાછાના રેપ્યુટેડ**
બીલ્ડરને સારા બાંધકામ લાઈનના અનુભવી સ્ટાફ જોઈએ. વરાછા માટે. સાઈટ સુપરવાઈઝર- 4, સાઈટ એન્જીનીયર- 3. 9909150537

**જોઈએ છે**
150 થી 300 ફુટનું ઓફિસ કન્ટેઈનર વેચાણથી
MO. 91515 97171

**હાર્ડવેરની દુકાનમા**
કામ કરવા માટે માણસ જોઈએ છે. Mo. 9898063315

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**30 વર્ષ જૂના જાણીતા**
રાજુમોદી. દિવાળીમાં કેરેલા,મુનાર, ઠેકડી, એલેપી, કોવલમ, પુવાર, જટાયુ, કન્યાકુમારી, રામેશ્વર, કોડાયકેનાલ, દિવસ 13, સ્ટારગ્રેડ હોટલ, બ્રેકફાસ્ટ, ડિનર, સુરતથી સુરત. 9374512979 (379)

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. દિવાળીમાં (ઉજ્જૈન), (દ્વારકા), (ભીમાશંકર), (અષ્ટવિનાયક), (શિરડી), (સફેદરણ) 7802062340 (380)

**પ્રથમ ટ્રાવેલર્સ.**
દિવાળી પ્રવાસ. રોયલ રાજસ્થાન, ખાટુશ્યામ, સાંવરિયા શેઠ, સાલાસર, બાલાજી, જેસલમેર, ગોવા, મહાબળેશ્વર. વિજય પારેખ, કતારગામ. 9825344459.

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, (ફક્ત 9 સીટ બાકી) અને 24/ 11 (ફક્ત 7 સીટ બાકી) (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુક્તિનાથ. તારીખ- 24/ 12, દિવસ-12. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, બ્રેક ફાસ્ટ, લંચ, ડીનર સાથે, મળોઃ દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**કચ્છ રણોત્સવ**
જાણીતું, માનીતું નામ કિંજલ શાહ સંગાથે માણો કચ્છ રણોત્સવ- સફેદ રણ. કચ્છ, ભુજ/ માતાનો મઢ સાથે માંડવી (જુજ સીટ બાકી) JOY ENJOY TRAVEL PLANNER (KINJAL SHAH) 9426157371.

**ઓમશિવ ટ્રાવેર્લ્સ**
બેસતુવર્ષ (તિરૂપતિ બાલાજી, રામેશ્વરમ, શ્રીશૈલમ, કન્યાકુમારી, મૈસુર) (કચ્છ, માંડવી, સફેદરણ, માતાનોમઢ, કોટેશ્વર, મોગલધામ) (ઉદેપુર, જયપુર, ચિતૌડગઢ, ખાટુશ્યામ, શ્રીનાથજી, માઉન્ટઆબુ) (હરિદ્વાર, ગોકુલ, મથુરા, વૃંદાવન, બરસાણા) (જોધપુર, જેસલમેર, જુનારણુજા) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

મિલ્કત ભાડેથી

**વેલુક દાંડી રોડ પર**
1750 વારનુ ફાર્મ હાઉસ ભાડેથી આપવાનું છે. Mo. 9662140043

મિલ્કત ભાડે -વેચાણ

**વેસુમાં ઓફિસ**
ભાડે અથવા વેચાણ માટે આપવાની છે. મો.- 9825675679

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.